ગાંધીનગર સમાચાર

આર ટી ઓ કચેરીમાં ચાર્જના અધિકારીઓ પણ રજા પર

# જિલ્લામાં રોજના ૧ હજાર શૌચાલય નિર્માણના લક્ષ્યાંક માટે કાર્યયોજના

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૨ના બેઝ લાઈન સર્વેપ્રમાણેના શૌચાલય વિનાના આવાસોમાં શૌચાલય નિર્માણની કામગીરી ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરવા માટે આજે કડક તાકીદ સાથે આખી આ માટેની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ચેરમેન વ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈના અધ્યક્ષપદે આજે મળેલ ગર્વનીંગ બોડીની બેઠકમાં આ માટે કડક તાકીદ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં જિલ્લામાં રોજના એક હજાર શૌચાલય બનાવવાના થાય. આ માટે તાલુકા વિકાસ અધિકારીઓને કડક મોનીટરીંગ કરવા તેમજ તલાટીઓને આ બાબતમાં પુરતો સહયોગ આપવા કહેવામાં આવ્યું છે.

આજની બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અન્ય કાર્યક્રમો ઈન્દિરા આવાસ યોજના, મનરેગાની પણ સમીક્ષા કરવામાં આવી હતી તેમજ આગામી લેબર બજેટ તૈયાર કરવામાં શું કાળજી રાખવી તે માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હતી.

જિલ્લામાં ૧૩ હજારથી વધુ શૌચાલયો બનાવવાના બાકી છે. જેમાં સૌથી વધુ દહેગામ તાલુકામાં બાકી છે. ઝડપથી કાર્યવાહી પૂર્ણ થાય સ્વૈચ્છીક સંગઠ્નો, સામાજિક સંગઠ્નોનો પણ સહયોગ લેવા માટે જણાવાયુ છે. આ ઉપરાંત લોકોમાં જાગૃતિ આવે તે માટેના જરૂરી પ્રયાસો કરવામાં કોઈ જ કચાશ નહિ રાખવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં માત્રને માત્ર ૬૬ જ ગામ ઓડીએફ જાહેર થઈ શક્યા છે તે અંગે પણ નારાજગી વ્યક્ત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



પીળા પાંદડાથી છવાયા માર્ગો - પાનખરના આરંભ સાથે શહેરના માર્ગો પર બંને બાજુ વૃક્ષો પરથી પાકી ગયેલા પીળા પાન થોકબંધ નીચે પડી રહ્યા છે... કેટલીય ફુટપાથો પર પીળી ચાદર પથરાઈ હોય એવું દૃશ્ય પણ ઉભું થાય છે... ગાંધીનગરમાં માર્ગો પરના વૃક્ષો નોંધપાત્ર સંખ્યામાં હોવાથી માર્ગોની બંને બાજુ પાકટ પાનોથી અલગ નજારો ઉભો થાય છે... જોકે બે-ત્રણ દિવસમાં ન હટાવાય તો ગંદકીનું કેન્દ્ર પણ બને છે... કેટલાક સફાઈ કામદારો માર્ગો પરથી અમુક અમુક અંતરે ઢગલા કરી સળગાવતા પણ હોય છે જે પર્યાવરણ માટે ખતરનાક બને છે...

# ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય વિસ્તાર વિકાસની ગ્રાન્ટ વપરાશમાં ઊણા ઉતર્યા !!

ગાંધીનગર, તા. ૧૬

વર્ષ ૨૦૧૬-૧૭ના નાણાંકીય વર્ષમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોક પટેલ પોતાની પુરેપુરી વિસ્તાર વિકાસની ગ્રાન્ટ વાપરવામાં ઊણા ઉતર્યા છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા ધારાસભ્યોને વિસ્તાર વિકાસ માટે દર વર્ષે ૧ કરોડ જેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય દ્વારા આ ગ્રાન્ટ અંતર્ગત રૂ. ૪૦ લાખના જ કામો સૂચવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ધારાસભ્યો સંસદસભ્યોના વિકાસ કામો અંગે સામાન્યતઃ વિધાનસભામાં પ્રશ્નો પણ રજુ થતા હોય છે. આ વખતે આયોજન વિભાગનો હવાલો ધરાવતા મુખ્યમંત્રીના અગ્રસચિવ એસ. અર્પણાએ આ બાબતે સમીક્ષા હાથ ધરી હતી જેમાં આ હકીકત બહાર આવતાં જ તેમણે આ બાબતે તંત્રના અધિકારીઓને પત્ર લખી આ કામો સૂચવવામાં કેમ નથી આવ્યા તે જાણવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત ધારાસભ્ય સાથે પણ બેઠક કરી અને તેમને કામો સૂચવી દેવા માટે જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ધારાસભ્ય દ્વારા તેમની બાકી રહેલ વણવપરાયેલી ગ્રાન્ટમાંથી વિકાસના કામો સૂચવવા માટેની કવાયત હાથ ધરી અને કામોની યાદી મોકલી દીધી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના પાંચેય ધારાસભ્યો દ્વારા સૂચવવામાં આવતા કામોને તાત્કાલિક હાથ ધરવા માટેની સૂચના પણ સચિવાલય કક્ષાએથી આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

# આર ટી ઓ કચેરીમાં ચાર્જના અધિકારીઓ પણ રજા પર

**ટેલીફોન પણ બંધ મુલાકાતીઓ ત્રસ્ત : હાઇટેક આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થતા કામગીરી અટવાઇ પડે છે : પાર્કીંગના મામલે પણ ભારોભાર અવ્યવસ્થા : કચેરીનો વહીવટ રામભરોસે**

ગાંધીનગર તા ૧૬

નગરના ગ માર્ગ પર સ્થિત રાજયની સૌ પ્રથમ હાઈટેક આર ટી ઓ કચેરીનો વહીવટ છેલ્લા ઘણાં સમયથી રામભરોસે છે. ઓન લાઇન અને પેપરલેસ વ્યવસ્થાની સુફીયાણી વાતો વચ્ચે હાલ મુલાકાતીઓને ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીમાં લેન્ડલાઇન ફોનની સેવા પણ લાંબા સમયથી ખોરવાઈ ગઈ છે. જયારે ચાર્જ સંભાળતા અધિકારીઓ પણ રજા પર હોવાના લીધે વહીવટી કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. માળખાગત સુવિધાના નામે પણ આર ટી ઓ કચેરીમાં મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. પાર્કીંગ વ્યવસ્થાના અભાવે સ્થાનિક રહીશો માટે સમસ્યાઓ સર્જાઇ છે. ત્યારે છાશવારે ઉદભવતી ટેકનિકલ ખામીઓની સાથે અધિકારીઓની કાયમી નિમણુંકના અભાવે પણ આર ટી ઓ નો વહીવટ ખાડે ગયો છે.

ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરી આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. આજકાલ આર ટી ઓ કચેરીમાં કામકાજ અર્થે જતા મુલાકાતીઓને ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. આર ટી ઓ કચેરીનુ નવુ સંકુલ નિર્માણ કરાયા બાદ અધ્યતન આર ટી ઓ કચેરી પેપરલેસ અને સંપુર્ણ ટેકનોલોજીથી સજ્જ હોવાના ગાંણા ગવાતા હતા. પરંતુ છેલ્લા ઘણાં સમયથી આર ટી ઓ કચેરીમાં કામકાજ અર્થે જતા અરજદારોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. અરજદારોનો સમય ન બગડે તે માટે ઓનલાઇન એપાઇન્ટમેન્ટની વ્યવસ્થાની વાતો પણ અર્થ વગરની પુરવાર થઇ છે. કચેરીમાં કામ અર્થે રૂબરૂ જતા નાગરિકોને પણ યોગ્ય જવાબ મળતો નથી. આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. જેના પરિણામે મોટાભાગની કામગીરી અટવાઇ પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચાંદખેડા જી.ટી.યુ. સંકુલમાં હોસ્ટેલના કુમાર-કન્યા છાત્રાલયના બે બિલ્ડીંગો બનશે

ગાંધીનગર તા ૧૬

ચાંદખેડાના જી ટી યુ સંકુલમાં બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલના બિલ્ડીંગનુ કામ હાથ ધરાશે. હોસ્ટેલના બન્ને બિલ્ડીંગ માટે રૂ ૧૬.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. હાસ્ટેલ બિલ્ડીંગમાં બોરવેલ સમ્પ, રેઈન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ, ફાયર ફાઈટીંગ સિસ્ટમ અને પાર્કીંગ તેમજ ઈન્ટરનલ રોડની પણ સુવિધા ઉભી કરાશે. આ મામલે ટેન્ડર પ્રક્રીયાના અંતે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે.

ચાંદખેડાના જી ટી યુ શૈક્ષણિક સંકુલમાં કુમાર અને કન્યા છાત્રાલયની સુવિધા માટે નવા બિલ્ડીંગો બનાવાશે. હાસ્ટેલ બિલ્ડીંગના નિર્માણ માટે રૂ ૧૬.૩૬ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેમાં કુમાર છાત્રાલય માટે ૯.૮૦ કરોડ તેમજ કન્યા છાત્રાલય માટે ૭.૫૬ કરોડનો ખર્ચ કરાશે.

**નવા બિલ્ડીંગના નિર્માણ માટે રૂ ૧૬.૩૬ કરોડનો ખર્ચ થશે : તમામ સુવિધાઓ ઉભી કરાશે**

આ ત્રણ અને બે મજલાના બિલ્ડીંગની કામગીરીને અનુલક્ષી ભવિષ્યને ધ્યાને લઈ ૧૦ મજલાની ડિઝાઈન મુજબ બાંધકામ કરાશે. આર સી સી ફ્રેમ સ્ટ્રકચર સહીત બિલ્ડીંગમાં જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. જેમાં ફાયર ફાઈટીંગ સિસ્ટમ, ટાઈલેટ બ્લોક, એલ્યુમિનિયમ સેક્શન બારી બારણાં તેમજ ધાબા પર ચાઈના મોજેકનુ કામ પણ હાથ ધરાશે. બિલ્ડીંગમાં બોરવેલ, સમ્પવેલ, રેઈનવોટર હારવેસ્ટીંગ સિસ્ટમની સુવિધા પણ કરવામાં આવશે. જયારે હાસ્ટેલ બિલ્ડીંગમાં રસ્તા તેમજ વાહનો માટે યોગ્ય પાર્કીંગ વ્યવસ્થાનો પણ કાર્યયોજનામાં સમાવેશ કરયો છે.

# મેયર સામેના પક્ષાંતર ધારા ભંગના કેસમાં વધુ એક મુદત

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણ પટેલ સામેના પક્ષાંતર ધારા ભંગના કેસમાં આજે વધુ એક મુદત પડી છે.

નામનિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં ચાલી રહેલ આ કેસમાં આજે અગત્યના કારણોસર સક્ષમ અધિકારીની અનુપસ્થિતિ હોવાથી આ મુદત પડી છે. જો કે આ કેસ હવે પછીની સુનાવણી ક્યારે થશે તે અંગે નવી તારીખ જાહેર કરાઈ નથી. દરમ્યાન અરજદાર શૈલેન્દ્રસિંહ બિહોલાએ વારંવાર આ કેસમાં મુદતો આપવાના નિર્ણય સામે બે પાનાની એક વિસ્તૃત વાંધા અરજી પણ નામનિર્દિષ્ટ અધિકારીની કચેરીને આપી છે.

આ વાંધા અરજીમાં અત્યાર સુધીમાં સાત જેટલી મુદતો પડી છે તેની વિગતો આપવામાં આવી છે અને આ મુદતો વારંવાર આપવા સામે નારાજગી વ્યક્ત કરી ઝડપથી આખરી સુનાવણી હાથ ધરવા જણાવાયુ છે. આ વાંધા અરજીમાં બિહોલાએ મેયરના વકીલ દ્વારા માંગવામાં આવેલી તપાસની માંગ જે નિયમન (૪) મુજબ માંગી છે તે પણ 'ડીલેટરી ટેકટીક્સ' હોવાનું કહી તેનો વાંધો લીધો છે.

# રાષ્ટ્રીય મહિલા પંચની ટીમ ગુજરાતમાં

**નલિયા સામૂહિક દુષ્કર્મ મામલાની તપાસ માટે ટીમ ગુજરાત પહોંચી : અમદાવાદ પોલીસ સાથે પણ વાતચીત : રાજ્ય મહિલા પંચના સભ્યોની પણ વાતચીત : પીડિતાની મુલાકાતને લઇને તૈયાર કરવામાં આવેલો રિપોર્ટ સુપ્રત**

અમદાવાદ, તા.૧૬

સમગ્ર રાજયને હચમચાવી મુકનાર નલિયા સામૂહિક દુષ્કર્મ મામલામાં ઉંડી તપાસનો દોર જુદા જુદા એંગલથી ચાલી રહ્યોછે ત્યારે રાષ્ટ્રીય મહિલા પંચની ટીમ પણ ગુજરાત પહોંચી ગઈ છે. તેમના દ્વારા તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. બીજી બાજુ રાષ્ટ્રીય મહિલા પંચની ટીમે બનાવને લઈને માહિતી અને રિપોર્ટ એકત્રિત કરી લીધા છે. ગુજરાત મહિલા આયોગની ટીમ અને પોલીસ સાથે પ્રાથમિક વાતચીત થઈ છે. નલિયા દુષ્કર્મ કાંડના સંદર્ભમાં હજુ સુધી આઠની ધરપકડ કરવામાં આવીચુકી છે. એક હજુ ફરાર છે. આ મામલાના સંદર્ભમાં ૧૦૦થી વધુ લોકોની પુછપરછ કરવામાં આવી છે. ઉપરાંત દરોડા પણ પડાયા છે.



નલીયા સેકસકાંડ સંદર્ભે દિવસો વીતવા છતાં પીડિતાને ન્યાય માટેની આશા ફળી નથી ત્યારે રાષ્ટ્રીય મહિલા આયોગના અધિકારીઓ ગાંધીનગર અને અમદાવાદની મુલાકાતે છે. સંભાવના છે કે, રાષ્ટ્રીય મહિલા આયોગની ટીમે ગુજરાત મહિલા આયોગની ટીમ અને પોલીસ સાથે વાતચીત કરી ઘટનાની વિગતોનો અહેવાલ મેળવ્યો હતો. રાષ્ટ્રીય મહિલા આયોગની ટીમે અમદાવાદ પોલિસ સાથે મુલાકાત દરમિયાન નલીયાકાંડની તમામ ઘટનાઓ વિશે સુચના આપી હતી કે ઘટનાની તટસ્થ ન્યાયિક તપાસ કરવામાં આવે. રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષા લલિતા કુમારમંગલ સહિતની ટીમ આજે સવારે ગાંધીનગર આવી પહોંચી હતી અને એક બેઠક લીધી હતી. જેમાં પશ્ચિમ કચ્છ પોલિસવડા મકરંદ ચૌહાણ, રેન્જ આઈજી, તપાસનીય સીટના વડા હાજર રહ્યા હતા. એનડબલ્યુસી સાથે રાજ્ય મહિલા આયોગનાં અધ્યક્ષા હતો. ઉલ્લેખનીય છે કે, આ ઘટનામાં કચ્છ ભાજપના મોટા માંથા સંકળાયેલા છે અને આખી ઘટનાને આડેપાટે ચડાવવા અવનવા કાવાદાવા થઈ રહ્યા હોવાના અને ઘટના પર ઢાંકપિછોડો તાણવાનો પ્રયત્ન થઈ રહ્યો હોવાના વિપક્ષ કોંગ્રેસના આરોપો છે.

# ટ્રાફિકથી પ્રભાવિત દહેગામ-બાયડ માર્ગના વાઈડનીંગ માટે ૩૨ કરોડનો ખર્ચ થશે

**માર્ગને ૭માંથી ૧૦ મીટર પહોળો કરાશે : જંગલ સફાઇનુ કામ શરૂ : ટુંકમાં માર્ગનુ કામ પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેરી વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી અટવાઈ છે. પરંતુ જિલ્લાને જોડતા વિવિધ માર્ગોને અપગ્રેડ કરવા માટે તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. અગાઉ પેથાપુર મહુડી માર્ગને આગળ વિજાપુર સુધી પહોળો કરવાનુ કામ પુર્ણતાના આરે છે. જયારે હવે ટુંકમાં જ દહેગામ બાયડ માર્ગના વાઈડનીંગનુ કામ શરૂ કરી દેવાશે. જેમાં ૧૭ કી મીના આ માર્ગને ૭ માંથી ૧૦ મીટર પહોળો કરવામાં આવશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાં વિવિધ માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહયા છે. શહેરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક માર્ગોની પણ સુધારણાની અનિવાર્યતા હોવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે. હાલની સ્થિતિએ શહેરના જુના અને નવા સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ અને ગાબડા ગ્રસ્ત જોવા મળી રહયા છે. જો કે જિલ્લાને જોડતા વિવિધ માર્ગોનુ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહયા છે.

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com